
# ખંભીસર સીમમાં બાઈકને ટક્કર મારતાં ઠાકોર સમાજના આશાસ્પદ યુવાનનુ મોત

મોડાસા, તા. ૧૫

મોડાસા તાલુકાના ખંભીસર સીમમાં શનિવારના સાંજના સુમારે



બેફામ રીતે આવતી કારે ખંભીસર ગામના ઠાકોર સમાજના આશાસ્પદ યુવાનની બાઈકને ટક્કર મારતાં બાઈક પર દંપતિને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં સારવાર દરમ્યાન પતિનું મોત નિપજ્યું હતું. જેના પગલે ખંભીસર સહિત આજુબાજુના વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ હતી. બનાવની પ્રાપ્ત વિગતોનુસાર મોડાસાના ખંભીસર ગામની સીમમાં બસસ્ટેશન પાસે શનિવારના સાંજના સુમારે બાઈક લઈ જતાં ઠાકોર સમાજના દંપત્તિને હિંમતનગર બાજુથી બેફામ અને ગફલતભરી રીતે પુરપાટ ઝડપે આવતી વેગનઆર કારે બાઈકને ટક્કર મારતા દંપતિ સહિત હવામાં ફંગોળાયુ હતુ. કારની ટક્કરે બાઈક પર સવાર દંપત્તિ આશરે પચાસેક ફૂટ દૂર જઈ પટકાયા હતા. જેમાં દંપતિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. જ્યારે કાર ચાલક બાઈકને ટક્કર મારી કારને ઘટનાસ્થળે મુકી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં આજુબાજુમાંથી લોકોના ઘટનાસ્થળે ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને ૧૦૮ દ્વારા દંપતિને સારવાર માટે ખસેડાયા હતા. સારવાર દરમ્યાન પતિ સુરેશભાઈ ધુળાભાઈ પુંજારા (ઉં.વ.૩૧)નું મોત નિપજ્યું હતું. જ્યારે હંસાબેન સુરેશભાઈ પુજારાને શરીરના ભાગે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ અંગે મોડાસા રૂરલ પોલીસે ઘટનાની ઊંડી તપાસ હાથ ધરી ફરાર કારચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા.

## મોડાસામાં યુવા ટીમ દ્વારા

# જરૂરિયાતમંદ ગરીબો માટે અનોખા સેવા યજ્ઞનો ઉત્તરાયણથી પ્રારંભ



મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ઉત્તરાયણ પર્વના દિવસે ભગીરથ કુમાવત, નિલેશ જોષી, નિકેશ પરમાર, જય અમીન, અમિત કવિ અને તેમની ટીમના સહયોગથી લગ્નપ્રસંગ, ધાર્મિક પ્રસંગ સહીત યોજાતા જમણવારમાં થતા અન્નનો બગાડ અટકાવવા જમણવાર પૂર્ણ થયા પછી વધેલ ધાન્યને તેમના થકી શહેરના જરૂરિયાતમંદ, નિઃસહાય અને ગરીબ લોકો સુધી પહોંચાડવા અનોખા સેવા યજ્ઞની શરૂઆત કરવામાં આવી હતી અને ઉત્તરાયણ પર્વ નિમિત્તે ઉંધિયાના વેપારીઓ પાસેથી સાંજના સુમારે ઉંધીયું એકઠું કરી મોડાસાના ઝુપડપટ્ટીમાં રહેતા લોકોને પહોચાડ્યુ હતું. આ અનોખા સેવાયજ્ઞમાં મદદરૂપ થવા સોશ્યલ મીડિયાનો સહારો લઈ મો.નં-૯૫૭૪૪૦૫૦૪૦ પર જાણ કરવા અને સહયોગ આપવા જણાવ્યું હતું. મોડાસાના કેટલાક યુવાનો અને નાગરિકો દ્વારા આ સેવાકીય પ્રવૃત્તિની સરાહના કરી હતી.

## બીજી વખત મુખ્યમંત્રી બન્યા બાદ

# સોમનાથ મહાદેવના દર્શન કરી ગુજરાતના કલ્યાણની પ્રાર્થના કરતા વિજયભાઈ રૂપાણી




ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે સોમવારે સવારે દ્વાદશ જ્યોર્તિલિંગના પ્રથમ એવા સોમનાથ મંદિરમાં શ્રીમતી અંજલિબેન રૂપાણી સાથે પૂજન અર્ચન અને જળાભિષેક કર્યો હતો. વિજયભાઈ મુખ્યમંત્રી તરીકે સતત બીજી વાર રાજ્ય શાસનનું નેતૃત્વ સંભાળ્યા બાદ પ્રથમ વાર ભગવાન સોમનાથના દર્શને મકરસંક્રાંતિ બાદ આજે પહોંચ્યા હતા અને ભક્તિભાવથી દર્શન અર્ચન કર્યા હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તેમના ધર્મપત્નિ શ્રીમતી અંજલીબેન રૂપાણી તેમજ રાજકોટના સંગઠનના આગેવાન નીતીનભાઈ ભારદ્વાજ અને માલધારી સમાજના વિહાભાઈ કહેલાએ પણ સજોડે સોમનાથ મહાદેવના દર્શન બાદ ધ્વજા પૂજા કરી સોમનાથ દાદાને ધ્વજા ચઢાવી હતી. મુખ્યમંત્રી તરીકે વિજયભાઈ રૂપાણી પુનઃ ગુજરાતના વિકાસની ધુરા સંભાળે તે સંકલ્પ પૂર્ણ થયાની મનોકામના સિદ્ધ થતા રાજકોટના આગેવાનો-ભરવાડ સમાજના ભાઈઓ અને બહેનોએ સોમનાથ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

સોમનાથ દાદાની ધ્વજાપૂજા, જલાભિષેક અને સંકલ્પ શ્લોક સાથે મંદિરના મુખ્ય પૂજારી ધનંજય દવેએ સજોડે પૂજાવિધિ કરાવી હતી. આ પૂર્વે સોમનાથ ખાતે મુખ્યમંત્રીએ સરદાર વંદના કરી હતી. સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પહાર કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. મંદિર પરિસરમાં મુખ્યમંત્રીએ ભગવાન કપર્દી વિનાયકના પણ દર્શન કર્યા હતા.

# પૃથ્વીપુરા ગામે બંધ મકાનમાંથી ૫.૧૨ લાખની મત્તાની ચોરી

હિંમતનગર, તા. ૧૫

વિજયનગર તાલુકાના પૃથ્વીપુરા ગામે આવેલ એક રબારીના બંધ મકાનમાંથી શુક્રવારે રાત્રે અજાણ્યા શખ્સો રૂ. ૫.૧૨ લાખથી વધુની મત્તાની ચોરી કરી જતા ગામમાં ચકચાર મચી જવા પામી હતી. જે અંગેની ફરીયાદ શનિવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે પશુપાલનનો વ્યવસાય કરતા અને પૃથ્વીપુરા ગામના નિતીભાઈ રામાજી રબારીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૨ જાન્યુઆરીની રાત્રે અજાણ્યા શખ્સોએ તેમના બંધ મકાનનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી રૂ. ૨ લાખ રોકડ, રૂ. ૨.૬૦ લાખનું તેર તોલા સોનુ તથા રૂ. ૫૨,૫૦૦ની સાડા ત્રણ કિલો ચાંદીની ચોરી કરી ભાગી ગયા હતા. ત્યારબાદ નિતીભાઈ રબારીને ખબર પડતા તેમણે તપાસ કરી તો ઘરમાંથી અંદાજે રૂ. ૫.૧૨ લાખથી વધુની મત્તા ચોરાઈ હોવાનું જણાયું હતું. જેથી તેમણે તરત જ શનિવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ઉલ્લેખનીય છે કે વિજયનગર જેવા અંતરીયાળ વિસ્તારમાં આવેલ એક ગામના મકાનમાંથી આટલી મોટી મત્તાની ચોરી થતા તે અંગે પોલીસ પણ વિમાસણમાં મુકાઈ છે અને તપાસનું પગેરૂ શોધવા માટે કેટલાક જાણભેદુ અંગે જાણકારી મેળવવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# હિંમતનગર નાગરિક બેંક પાસેથી બાઈક ચોરાયુ

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગરના ટાવર રોડ પર આવેલ નાગરિક બેંક આગળ શનિવારે પાર્ક કરેલ રૂ. ૧૦હજારની કિંમતનું બાઈક અજાણ્યા શખ્સ ચોરી કરી લઈ જતા તે અંગે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી.

આ અંગે દેજરોટાના અનિલભાઈ અમૃતભાઈ પ્રજાપતિએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ઉત્તારાયણના આગલા દિવસે તેઓ પોતાનું બાઈક નં. જીજે.૯.એએમ.૩૧૧ લઈને હિંમતનગર આવ્યા હતા ત્યારે તેમણે પોતાનું બાઈક ટાવર રોડ પર આવેલ નાગરિક બેંક આગળ પાર્ક કર્યુ હતું. જ્યાંથી અજાણ્યો શખ્સ રૂ. ૧૦ હજારની કિંમતના બાઈકની ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે અનિલભાઈએ બાઈકને તપાસ કરવા છતા કોઈ પત્તો ન મળતા આખરે તેમણે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં વાહન ચોરાયાની ફરીયાદ નોંધાવી હતી.

# હમીરપુરની કુપોષિત બાળકીની મદદે ૧૮૧ અભયમ મહિલા ટીમ



અરવલ્લી, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના હમીરપુર ગામે અંદાજે ૧૭ વર્ષીય કુપોષિત યુવતી બીમાર અવસ્થામાં હોવાની અને તેને સારવારની જરૂર હોવા અંગેનો ૧૮૧ અભયમ મહિલા ટીમને કોલ મળતા તાત્કાલિક ટીમના કાઉન્સિલર જીજ્ઞેશાબેન, મહિલા પોલીસ પિન્ટુબેન સાથે પહોંચી કુપોષિત યુવતીને શોધી ધનસુરા સામુહિક આરોગ્યકેન્દ્રમાં ખસેડી આ અંગેની જાણ ધનસુરા પોલીસને કરી હતી. કુપોષિત યુવતીના જણાવ્યા અનુસાર બાળપણ અવસ્થામાં તેના માતા-પિતા સહીત તેના પરિવારજનો મૃત્યુ થયું હતું અને તે તેનાથી નાના ૧૨ વર્ષીય ભાઈની દેખરેખ સાથે બંનેનું ભરપોષણ કરતી હતી પરંતુ પરિવારજનોના અભાવે યુવતીની યોગ્ય સાર-સંભાળ વાળું કોઈ ના હોવાથી તેની હાલત દયનિય બની હોવાનું જણાવ્યું હતું.

# શિહોરી સર્કિટહાઉસ ખાતે કાંકરેજ ધારાસભ્યનું કરણીસેના દ્વારા સ્વાગત

કાંકરેજ, તા. ૧૫

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના નવ નિયુક્ત વિજયી બનેલા યુવા ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલાનું શિહોરી સર્કિટહાઉસ ખાતે કરણી સેના દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતુ અને રાજપૂત સમાજમાં એકતાનો પ્રભાવ પડે સાથે સાથે સરકારમાં રાજપૂત સમાજની ગણના થાય તેમજ વિકાસના કામોમાં ઉત્તરોત્તર કાંકરેજ તાલુકો પ્રગતિ કરે તેવા આશિષ રાષ્ટ્રીય કરણી સેનાના હોદ્દેદારોએ પાઠવ્યા હતા. સાથે કાંકરેજ કરણીસેનાના હોદ્દેદારોએ તાલુકામાં સરકારી લાભોથી વંચિત રહેલા લોકોને ઝડપી ન્યાય મળે તેવી અપેક્ષા સાથે કાંકરેજ ધારાસભ્યને રજુઆત કરી હતી. તેમજ કાંકરેજનું શિહોરી ખાતે આવેલ સરકારી પુસ્તકાલય નવું બનાવવામાં આવે તેની જગ્યા અને નવા મકાન બનાવવા ઉપર ચર્ચા કરવામાં આવી હતી. આમ ગામે ગામથી લોકો પોતાના પ્રશ્નો સાથે શિહોરી સર્કિટહાઉસમાં કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલાની મુલાકાતે આવ્યા હતા. આ પ્રસંગે કાંકરેજ ભાજપ પ્રમુખ ડાયાભાઈ પિલીયાતર, કિશોરભાઈ પ્રજાપતિ, અખાભાઈ પટેલ, ઈશુભા વાઘેલા સહિતના ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને આવનાર લોકોના પ્રશ્નોના ઉકેલ માટે શિહોરી સર્કિટહાઉસ ખાતે ચર્ચાઓ કરવામાં આવી હતી.

# ગામડી પાસે બાઈકે રાહદારીને પાછળથી ટક્કર મારતા મોત

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર તાલુકાના ગાંભોઈ નજીક આવેલ ગામડી ગામના રોડ પર થઈને પસાર થઈ રહેલા એક બાઈકચાલકે અઠવાડીયા અગાઉ ગફલતભરી રીતે બાઈક ચલાવી રોડની સાઈડમાં ચાલી રહેલા એક ઈસમને ટક્કર મારતા ગંભીર ઈજાને કારણે તેમનું સારવાર દરમિયાન મોત થયુ હતુ. જે અંગેની ફરીયાદ શનિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે ગામડી ગામના અર્જુનસિંહ કેશરીસિંહ પરમારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૭ જાન્યુઆરીના રોજ બાઈક નં. જીજે.૦૯. સીએચ. ૪૭૪૬ના અજાણ્યા બાઈક ચાલકે બાઈકને ગફલતભરી રીતે હંકારી રોડની સાઈડમાં ચાલતા જતા અર્જુનસિંહ પરમારના કાકા રતિસિંહ ઉર્ફે રતનસિંહને પાછળથી જોરદાર ટક્કર મારતા તેમને ગંભીર ઈજા થઈ હતી. જેથી સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. જેથી અર્જુનસિંહ પરમારે અજાણ્યા બાઈકચાલક વિરૂદ્ધ શનિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# હિંમતનગરમાં બેનામી પ્રોપર્ટી એક્ટ અંગે સેમિનાર યોજાશે

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર ટેક્સ પ્રેક્ટીશનર એસોસીએશન અને ગુજરાત ટેક્ષ ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૨૦ જાન્યુઆરીના રોજ હિંમતનગરના બીએપીએસ સ્વામીનારાયણ મંદિરમાં જીએસટી તથા બેનામી પ્રોપર્ટી એક્ટ અંગે ટેક્ષ પ્રેક્ટીશનરોને સમજ આપવા માટે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે એમ એક યાદીમાં એસોસીએશનના પ્રમુખ કુંજબીહારી સોની, હેમંત પંડ્યા, બાલકૃષ્ણ શાહ અને આસુતોષ ઠક્કરે જણાવ્યું છે.



શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનને મકરસંક્રાંતી પર્વે પતંગ, દોરી વિગેરેનો શણગારના દર્શન થતાં હતા તે પ્રસંગની તસવીર.

# કાંકરેજ તાલુકાના કુંવારવા ખાતે આત્મા યોજના અંતર્ગત કિસાન ગોષ્ઠી

કાંકરેજ, તા. ૧૫

કાંકરેજ તાલુકાના કુંવારવા ખાતે પ્રગતિશીલ ખેડૂત પટેલ નરેશભાઈ રામસુંગભાઈના ફાર્મ ઉપર આત્મા યોજના અંતર્ગત કિસાન ગોષ્ઠીનું આયોજન કેન્દ્ર ડીસાના ડૉ. એન.વી. પટેલ મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. એચ.એન. વર્મા, નિવૃત્ત મદદનીશ વૈજ્ઞાનિકો હાજર રહી ખેડૂતોની જીરૂ, દિવેલા, તમાકુ અને શાકભાજી જેવા પાકો ઉપર વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કઈ રીતે થાય તે વિશે માહિતી આપી હતી. તેમજ હાલના સમયમાં ઔષધીય પાકોની ખેતી કરી વધુ આવક મેળવી શકાય તે વિશે માહિતી આપી હતી. તેમજ ડૉ. એચ.એન. વર્માએ ખેડૂતોને બટાકાની ખેતી કઈ રીતે નફાકારાક નીવડે તે વિશે અને જીરૂ વિશે પણ માહિતી આપી હતી. ડૉ. હસમુખ એન. જોષી (વેટરનરી થરા)એ દૂધ ઉત્પાદન આર્થીક રીતે કઈ રીતે પોષાય અને કઈ રીતે કાળજી રાખવી તે વિશે માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો જિલ્લા સદસ્ય હરગોવનભાઈ, જિલ્લા સદસ્ય રમેશભાઈ વાઘડા, કુંવારવા સરપંચ જીવરામભાઈ પટેલ, આશીષભાઈ પ્રજાપતિ, દિપક ફર્ટીલાઈઝર પુજાબેન રાવલ વિગેરેએ ખેડૂતોને સંજીવ ખેતી બાગાયત ખેતી તથા રોકડીયા પાકો વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## કંપની સમાચાર

# મહિન્દ્રા એએમસીએ 'મહિન્દ્રા ઉન્નતિ ઈમર્જિંગ બિઝનેસ યોજના' લોંચ કરી

### નવી ફંડ ઓફરમાં ૮ જાન્યુઆરી, ૨૦૧૮થી ૨૨ જાન્યુઆરી, ૨૦૧૮ સુધી પ્રારંભિક સબસ્ક્રિપ્શન થઈ શકશે

મહિન્દ્રા મ્યુચ્યુઅલ ફંડની ઈન્વેસ્ટમેન્ટ મેનેજર અને મહિન્દ્રા ફાઈનાન્સની સંપૂર્ણપણે માલિકીની પેટાકંપની મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપની પ્રાઈવેટ લિમિટેડ (એમએએમસીપીએલ) મિડ કેપ યોજનાઓમાં મુખ્યત્વે રોકાણ કરવા ઓપન એન્ડેડ ઈક્વિટી સ્કીમ મિડ કેપ ફંડ મહિન્દ્રા ઉન્નતિ ઈમર્જિંગ બિઝનેસ યોજના લોંચ કરશે. નવી ફંડ ઓફર (એનએફઓ) ૮ જાન્યુઆરી, ૨૦૧૮નાં રોજ ખુલી છે અને ૨૨ જાન્યુઆરી, ૨૦૧૮નાં રોજ બંધ થશે. સ્કીમ ૬ ફેબ્રુઆરી, ૨૦૧૮થી વેચાણ અને પુનઃ ખરીદી માટે ફરી ખુલશે.

મહિન્દ્રા એએમસીનાં એમડી અને સીઈઓ આશુતોષ બિશ્નોઈએ કહ્યું હતું કે, 'ભારતીય અર્થતંત્ર એકથી વધારે વર્ષ માટે વૃદ્ધિનાં તબક્કા માટે સજ્જ છે, જેમાં સરકારે આર્થિક સુધારા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રોકાણની તકો અર્થતંત્રને ઔપચારિક પણ બનાવશે, જે બજારહિસ્સાને અસંગઠિતતામાંથી સંગઠિત ક્ષેત્ર તરફ દોરી જશે.

બિશ્નોઈએ ઉમેર્યું હતું કે, જ્યારે સૂક્ષ્મ પરિબળોમાં વૃદ્ધિમાં પ્રમાણમાં ઘટાડો થયો છે, ત્યારે લાર્જકેપ કંપનીઓની સરખામણીમાં મિડ-કેપ કંપનીઓ આવકમાં વધારે વૃદ્ધિ દર્શાવે છે. અમે મિડ-કેપ સેગમેન્ટમાં સ્ટોક-કેન્દ્રિત રોકાણ તકો માટે પર્યાપ્ત અવકાશ જોઈએ છીએ. ખાસ કરીને એકથી વધારે વર્ષનાં માળખાગત વૃદ્ધિની સંભવિતતા ધરાવતા સેગમેન્ટમાં. અર્થતંત્રનું કદ વધ્યું હોવાથી વિવિધ ક્ષેત્રોમાં યોગ્ય બજાર સ્થળ ઉભું કરવાની વધારે તકો છે. ફંડ રોકાણકારોને હાલ વિકાસનાં માર્ગે અગ્રેસર કંપનીઓની વિકાસગાથામાં સહભાગી થવાની તક આપશે.

ભારત વિકાસનાં માર્ગે અગ્રેસર : ભારત દુનિયામાં સૌથી વધુ ઝડપથી વિકસતા અર્થતંત્રોમાંનું એક બનવાની સંભવિતતા ધરાવે છે.

વળતરની સંભવિતતા : મધ્યમ કદના વ્યવસાયો, જે નિયમિતપણે અપગ્રેડ થાય છે અને નવીનતા હાંસલ કરેછે તથા લાંબા ગાળે જોખમને એડજસ્ટ કરતું વળતર નિયમિતપણે આપવાની સંભવિતતા ધરાવે છે.

રોકાણની ગુણવત્તા : તમામ ક્ષેત્રોમાં સ્થાયી વ્યવસાયો પર કેન્દ્રિત બોટમ-અપ પસંદગી, જે ભવિષ્યમાં લાર્જ કેપ બનવાની શક્યતા ધરાવે છે.

સક્રિય મેનેજમેન્ટ : મિડ-કેપ સેગમેન્ટમાં મુખ્યત્વે રોકાણ ધરાવતો સક્રિયપણે મેનેજ પોર્ટફોલિયો.

## આકાશી નઝારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાઈનીઝ દોરી અને ગુબારાનો ઉપયોગ ટાળ્યો હતો. સેકટરોમાં અગાશીઓ પર ડી જે ના સુર વચ્ચે નગરજનોએ ગરબાની રમઝટ માંણી હતી. મોડી સાંજ સુધી પતંગ ઉડાવી મજા લીધી હતી. જયારે વાસી ઉતરાયણના દિવસે પણ ઉતરાયણ જેવો જ નઝારો જોવા મળ્યો હતો. આજે પવન પ્રમાણમાં યારી આપતા પતંગ રસિકોએ મનભરીને પતંગોત્સવની મજા લીધી હતી. બપોરના સમયે પણ પવન રહેતા ગરમી વચ્ચે પણ પતંગ રસિયાઓએ અગાશી છોડી ન હતી. જયારે સાંજે પણ આકાશી નઝારો રંગીન જોવા મળ્યો હતો. ઉતરાયણમાં પતંગોની મજા સાથે સ્વાદરિસયાઓએ ધાબા પર ચટપટા ઉંધીયા જલેબી અને કચોરી સમોસાની પણ લિજ્જત માંણી હતી. નગરમાં ઉતરાયણ પર્વની પારિવારિક માહોલમાં ઉજવણી થઈ હતી. ઉતરાયણ પર્વ દરમિયાન નગરમાં દાન પુણ્ય કરવા માટે પણ નગરજનો ઉત્સુક જોવા મળ્યા હતા. ગાયને ઘાસ ખવડાવાથી લઈ ગરીબોને દાન આપવાના મામલે પણ નગરજનોએ ઉદારતા દાખવી પુણ્ય કમાવવા માટે ઉત્સુકતા દાખવી હતી. ધાબા પરથી પડવાના ૬ બનાવ બનવા પામ્યા હતા. જયારે પતંગની દોરીથી અનેક પક્ષીઓ પણ ઘવાયા હતા.

## કાર્યવાહી

● અનુસંધાન પહેલાનું ચાલુ

છેલ્લા થોડાક દિવસથી ઉરી સેક્ટરમાં ઘુસણખોરીને લઈને માહિતી મળી રહી હતી. પાકિસ્તાને ગયા વર્ષે આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા પર યુદ્ધવિરામ ભંગના ૭૨૦ વખત પ્રયાસો કર્યા હતા જે છેલ્લા સાત વર્ષની અંદર સૌથી વધારે છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય પાસે રહેલા આકંડા મુજબ પાકિસ્તાની સેનાએ વર્ષ ૨૦૧૬માં ૪૪૯ વખતની સરખામણીમાં આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા ઉપર યુદ્ધવિરામ ભંગના ૪૨૪ વખત પ્રયાસો કર્યા છે. ગયા વર્ષે ઓક્ટોબર સુધી સરહદપારથી કરાયેલા ગોળીબારમાં ૧૨ નાગરિકો અને ૧૭ સુરક્ષા જવાનો શહીદ થયા છે. ગયા સપ્તાહમાં જ પાકિસ્તાની સેનાને ફરી એકવાર ચેતવણી આપવામાં આવી હતી. ભારતીય સેના દ્વારા સ્થિતિને સામાન્ય બનાવવા તમામ પ્રયાસો કરાયા હોવા છતાં પાકિસ્તાન તરફથી ઉશ્કેરણીજનક કૃત્યો જારી રાખવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરમાં મોટી સફળતા હાસલ કરી હતી. ૬ ત્રાસવાદીઓને મોટુ ઓપરેશન હાથ ધરીને ઠાર મારી દેવામાં આવ્યા હતા. ઠાર થયેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં હથિયારો અને દારુગોળાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઓપરેશનમાં અન્ય એક ત્રાસવાદી પણ ઠાર થયો હતો. જો કે, તેના અંગે માહિતી મળી શકી નથી.

## સમજૂતિ કરાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

બંને દેશો વચ્ચે ફિલ્મ, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સંરક્ષણ, મૂડીરોકાણને લઈને સહમતિ થઈ હતી. બંને નેતાઓએ એકબીજાની પ્રશંસા પણ કરી હતી. બંને નેતાઓએ આશા વ્યક્ત કરી હતી કે, બંને દેશ એકબીજાની પ્રગતિ અને બંને દેશોની પ્રજા માટે મળીને કામ કરશે. મોદીએ કહ્યું હતું કે, નેતાન્યાહૂ એવા સમયે ભારત આવ્યા છે જ્યારે દેશમાં જુદા જુદા તહેવારની ઉજવણી થઈ છે જેમાં મકરસંક્રાંતિ, પોંગલ અને બિહૂનો સમાવેશ થાય છે. નેતાન્યાહૂ ભારતની વિવિધતાના દર્શન કરી શકશે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, તેમના માટે આ સન્માનની બાબત છે કે, તેઓ નેતાન્યાહૂ અને તેમના પત્નિને પોતાના વતન રાજ્ય ગુજરાતમાં લઈને જનાર છે. આ એક ઐતિહાસિક ઘટના છે. આ બંને દેશો વચ્ચે ઐતિહાસિક વિરાસત પણ દર્શાવે છે. તીન મૂર્તિ ચોકનું નામ ત્રણ મૂર્તિ હાઈફા કરી દેવામાં આવ્યું છે. નેતાન્યાહૂએ વડાપ્રધાન મોદીના સંબોધન બાદ ભાવુક નિવેદન કર્યું હતું. મોદીની પ્રશંસા કરતા તેમણે કહ્યું હતું કે, અમારી હજારો વર્ષની વિરાસતમાં આ ઐતિહાસિક ક્ષણ છે. તેમના ખાસ મિત્ર મોદી ઈઝરાયેલની મુલાકાત લેનાર પ્રથમ વડાપ્રધાન બની ગયા છે. ભારત અને વ્યક્તિગતરીતે મોદીની શાનદાર મહેમાનનવાઝી માટે તેઓ ખુબ જ ખુશ છે. નેતાન્યાહૂએ મોદીની પ્રશંસા કરતા કહ્યું હતું કે, તેઓ એક ક્રાંતિકારી નેતા છે. તેમના પ્રયાસોથી ભારત વિશ્વમાં અનેક મહત્વપૂર્ણ સિદ્ધિઓ હાસલ કરી શકશે. તેમની યાત્રાથી બંને દેશો વચ્ચેના સંબંધો એક નવા યુગની શરૂઆત થઈ છે. ભારત અને ઈઝરાયેલ બે એવા દેશ છે જેમનું ભૂતકાળ ગૌરવશાળી છે. જે પોતાના વર્તમાન ઉપર ગર્વ કરે છે. નેતાન્યાહૂએ એમ પણ કહ્યું હતું કે, ૨૫ વર્ષથી ભારત અને ઈઝરાયેલના મજબૂત સંબંધો રહ્યા છે પરંતુ હવે બંને દેશો વચ્ચેના સંબંધો નવી ઉંચાઈ ઉપર પહોંચ્યા છે. ફિલ્મના ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે સમજૂતિ થઈ છે. તેઓ પોતે અને તેમની પત્નિ બોલીવુડની ફિલ્મોને લઈને ઉત્સુક છે. વિશ્વના બીજા દેશોમાં યહૂદી લોકોને જે રીતે અલગ કરી દેવામાં આવ્યા તે રીતે ભારતમાં કરવામાં આવ્યું નથી.

ટચુકડી જાહેર ખબર

દર રવિવારે

જાહેરાત માટેનું

અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,

ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

કામધેનુ યુનિવર્સિટી

કર્મયોગી ભવન, બ્લોક-૧, વિંગ-બી, ૪થો માળ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦, ફોન નં. (૦૭૯) ૬૫૭૨૬૬૬૮

ટેન્ડર નોટીસ

કામધેનુ યુનિવર્સિટીના ચોથા પદવીદાન સમારંભ ઓડીટોરિયમ, મેડીકલ કોલેજ, ઘ-૩ પાસે, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાનાર છે. તેના માટે કેટરીંગ કોન્ટ્રાક્ટર પાસેથી ભોજનના ભાવો મંગાવવાના થાય છે.

કામગીરીની વિગત : ભોજનની વ્યવસ્થા પુરી પાડવા બાબત.

| | | |
|---|---|---|
| ૧. | બીડ ડાઉનલોડ કરવા માટેની તારીખ | તા. ૧૬/૧/૨૦૧૮થી શરૂ કરી તા. ૨૩/૧/૨૦૧૮ના રોજ ૧૫.૦૦ કલાક સુધી |

રસ ધરાવતી પાર્ટીઓ www.ku-guj.org પરથી ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી અને ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૨૪/૧/૨૦૧૮ના ૧૨.૦૦ કલાક સુધીમાં કામધેનુ યુનિવર્સિટી ખાતે મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

માહિતી/૨૪૭૮/૧૭-૧૮ રજિસ્ટ્રાર